# આટલો સંદેશો મારા, ગુરુજીને કેહ્જો

આટલો સંદેશો મારા, ગુરુજીને કેહ્જો .. (૨)
સેવકના રુદિયામાં રહેજો, સંદેશો મારા, ગુરુજી ને કેહ્જો ....
આટલો સંદેશો મારા, ગુરુજીને કેહ્જો ..
સેવા ને સમરણ અમે, કોના રે કરીએ .. (૨)
તેનો આદેશ અમને, દેજો સતગુરુ મારા,રુદિયામાં રેહજો ...
આટલો સંદેશો મારા ગુરુજીને કેહ્જો .. (૨)
કાયાનું દેવળ અમને લાગે રે કાચું ..
કાયાનું દેવળ અમને લાગે બહુ કાચું ...
તેની ભાળવણી અમને, દેજો સંદેશો મારા, ગુરુજીને કેહ્જો ....
આટલો સંદેશો મારા ગુરુજીને કેહ્જો ..
સેવકના રુદિયામાં, રહેજો સંદેશો મારા, ગુરુજી ને કેહ્જો ....
કાયા પડશે ને હંસો, ક્યાં જઈ સમાશે .. (૨)
એ ઘર બતલાવી અમને, દેજો સંદેશો મારા ગુરુજીને કેહ્જો ....
આટલો સંદેશો મારા ગુરુજીને કેહ્જો ..
સેવકના રુદિયામાં, રહેજો સંદેશો મારા, ગુજીને કેહ્જો ....
તમે છો અમારા ને, અમે તમારા ... (૨)
જનમો જનમ ની ભક્તિ, દેજો સંદેશો મારા, ગુરુજી ને કહેજો ....
સેવકના રુદિયામાં, રહેજો સંદેશો મારા, ગુરુજીને કેહ્જો ....
બેઉ કર જોડી દાસ અંબારામ બોલ્યા ... (૨)
મુક્તિ નો મારગ અમને દેજો રે ....
સેવકને ચરણોમાં લેજો, સંદેશો મારા, ગુરુજી ને કેહ્જો ..
આટલો સંદેશો મારા ગુરુજીને કેહ્જો ..
સેવકના રુદિયામાં, રહેજો સંદેશો મારા, ગુરુજી ને કેહ્જો ....

ભક્તિમિત્ર • bhaktimitra.in